સ્પે. ઈલે. દિ.મુ. નં. ૭૭૭/૨૦૧૫

**–: આંક–૧ લગત હુકમ :–**

---

આજરોજ પોકારતાં વાદીના વિ.વ.શ્રી હાજર છે. રેકર્ડ જોતાં પ્રસ્તુત દાવો ઘણા લાંબા સમયથી પ્રતિવાદીને સમન્સ બજવાના સ્ટેજ ઉપર છે. પ્રસ્તૃત દાવો  તા.૩૦/૪/૨૦૧૬ થી પ્રતિવાદીનું સરનામું રજુ થવાના સ્ટેઝ ઉપર છે. રેકર્ડ જોતાં વાદીને જરૂરી સરનામુ રજુ કરવા અને સમન્સ બજાવવા માટે પુરતી તક આપવામાં આવેલી છે. તેમ છતાં વાદી તે પ્રતિવાદીને સમન્સ બજવણી માટે જરૂરી નવું સરનામું રજુ કરી શકેલ નથી. વળી, રેકર્ડ જોતાં છેલ્લા કેટલાય સમયથી ન્યાયના હિતમાં વાદીને મુદત આપવામાં આવેલી છે. વાદી તરફથી સરનામુ રજુ કરવા માટે કોઈ મુદત રીપોર્ટ પણ રજુ થયેલા નથી. વધુમાં વાદીના સંબંધિત અધિકારી સાથેની લોક–અદાલત બાબતની મીટીંગ વખતે પણ પી.જી.વી.સી.એલ. દવારા દાખલ કરવામાં આવેલા દાવાઓ જરૂરી સરનામાના અભાવે સમન્સ બજવણી થઈ શકતી નથી. માટે, આ બાબતે કાળજી લઈ સમયમર્યાદામાં નવા સરનામા રજુ કરવા સુચના આપેલી. પરંતુ તેમ છતાં પણ વાદી નવું સરનામુ રજુ કરવામાં નીષ્ફળ નીવડેલ છે. આમ, આ સંજોગોમાં વાદીનો દાવો સી.પી.સી. ઓર્ડર–૯, રૂલ–૫ પ્રમાણે ડીસમીસ કરવા સીવાય કોઈ વિકલ્પ બચતો ન હોઈ ન્યાયના હિતમાં નીચે મુજબ હુકમ કરું છું.

**: હુ ક મ :**

વાદીનો દાવો સી.પી.સી. ઓર્ડર–૯, રૂલ–૫ પ્રમાણે ડીસમીસ ફોર ડીફોલ્ટ કરવામાં આવે છે.

ખર્ચ અંગે કોઈ હુકમ નથી.

આજ તારીખ : ૩૦મી, માહે જાન્યુઆરી : સને–૨૦૧૯ ના રોજ હુકમ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી મારી સહી અને  સિકકો મારી જાહેર કર્યો.

તા.૩૦/૦૧/૨૦૧૯
સ્થળ : ઉના

(એસ.એલ.ઠકકર)
સ્પેશ્યલ જજ (ઈલેકટ્રીસીટી) અને
ચોથા એડીશ્નલ ડીસ્ટ્રીકટ જજ,ઉના.
(કોડ નં.જીજે–૦૦૫૮૮)